


દેડકો અને અજનબી

મેક્સ



દેડકો અને અજનબી

મેક્સ





એક દિવસ, એક અજનબી આવ્યો અને જંગલના કિનારે એણે એનો તંબુ તાણ્યો. એક સુવરે એને સૌથી પહેલા શોધ્યો.



"શું તમે એને જોયો?" સુવરે બતક અને દેડકા ને મુલાકાત બાદ ઉત્સાહિત થઇ ને પૂછ્યું.

"ના, એ જોવામાં કેવો છે?" બતકે પૂછ્યું.

"મારા મત પ્રમાણે એ એક ગંદા મેલા ઉંદર જેવો દેખાય છે," સુવરે કહ્યું.

"એ અહીં કેમ આવ્યો?"

"આપણે ઉંદરથી સાવધાન રહેવું જોઈયે," બતકે કહ્યું. "એ પાક્કા ચોર હોય છે."




"એ તમે કેવી રીતે જાણો છો?" દેડકાએ પૂછ્યું.

"બધા જાણે છે," બતકે ગુસ્સાથી કહ્યું.

પણ દેડકો આ બાબતમાં એટલો નિશ્ચિત ન હતો. એ પોતે જોવા માગતો હતો. એ રાતે, જયારે અંધારું થઇ ગયું, તો એણે દૂરથી એક લાલ ચમક જોઇ. દેડકો એની પાસે ગયો.





જંગલના કિનારે એણે થોડા વાંસના ચોકઠાં પર કપડાં લપેટેલો એક તંબુ જોયો.

એ અજનબી આગ પર એક વાસણમાં ખાવાનું બનાવી રહ્યો હતો. એક સરસ સુગંધ આવી રહી હતી. દેડકા ને ત્યાં બધું બહુ હૂંફાળું લાગ્યું.

"મેં એને જોયો," બીજે દિવસે દેડકાએ જણાવ્યું.

"અને?" સુવરે પૂછ્યું.

"એ એક સારો સાથી લાગે છે," દેડકાએ કહ્યું.





"એનાથી સાવધાન રહેજે!" સુવરે કહ્યું. "યાદ રાખજે એ એક ગંદો ઉંદર છે!"

"હું શરત લગાવું છું કે એ એક દિવસ કંઇ કામ કર્યા વગર આપણા બધાનું ભોજન ખાઈ જશે," બતકે કહ્યું. "ઉંદર, ગંદા અને આળસુ હોય છે."

પણ આ સાચું ન હતું. ઉંદર હંમેશા વ્યસ્ત રહેતો હતો. એણે લાકડા ભેગા કર્યા અને ખૂબ કુશળતાથી એક મેજ અને બેન્ચ બનાવ્યા. એ ગંદો પણ ન હતો. એ ઘણી વાર નદી માં નહાતો હતો, જોકે એ થોડો બેડોળ જરૂર લાગતો હતો.





એક દિવસ, દેડકાએ ઉંદરને મળવાનો ફેંસલો કર્યો. ઉંદર સૂર્યતાપમાં એની નવી બેન્ચ પર આરામ કરતો હતો. "હેલો," દેડકા એ કહ્યું. "હું દેડકો છું." "મને ખબર છે," ઉંદરે કહ્યું."હું જોઈ શકું છું. હું બેવકૂફ નથી. હું વાંચી શકું છું અને લખી શકું છું અને હું ત્રણ ભાષા બોલી શકું છું - અંગ્રેજી, ફ્રેન્ચ અને જર્મન."

દેડકો ઉંદરથી બહુ પ્રભાવિત થયો.

સસલું પણ એવું નહોતું કરી શકતું.

ત્યાં સુવર પણ ત્યાં આવી પહોંચ્યો.

"તું ક્યાંથી આવ્યો છે?" એણે ઉંદરને ગુસ્સાથી પૂછ્યું.

"દરેક જગ્યાએથી અને ક્યાંયથી પણ નહીં," ઉંદરે શાંતિથી જવાબ આપ્યો.

"ઠીક છે, તું તારે ઘરે પાછો જા," સુવરે ઊંચા અવાજ માં કહ્યું. "અહીં તારું કોઈ કામ નથી."

ઉંદર એકદમ શાંત રહ્યો.

"મેં પૂરી દુનિયાની યાત્રા કરી છે," ઉંદરે કહ્યું. "અહીં ઘણી શાંતિ છે અને નદી પાસે એક સુંદર દ્રશ્ય છે. મને આ સ્થાન પસંદ છે."



"મને લાગે છે કે તે અમારા લાકડા ચોર્યા છે," સુવરે કહ્યું.

"મેં એને ભેગા કર્યા છે," ઉંદરે એક સભ્ય અવાજમાં કહ્યું. "આ લાકડાઓ બધાના છે."

"ગંદો ઉંદર!" સુવર બડબડયો.

"હા, હા," ઉંદરે દુઃખી થઈ ને કહ્યું. "બધી મારી જ ભૂલ છે. ઉંદરો ને હંમેશા બધી વાત માટે દોષી માનવામાં આવે છે."



દેડકો, સુવર અને બતક, સસલા ને મળવા ગયા.


"એ ગંદા ઉંદરને એ સ્થાન છોડવું પડશે," સુવરે કહ્યું.

"ત્યાં રહેવાનો એને કોઈ અધિકાર નથી. એ આપણા લાકડા ચોરે છે અને સાથે અસંસ્કારી રીતે વર્તે છે," બતકે કહ્યું.

"શાંત, શાંત," સસલાએ કહ્યું. "એ આપણાથી દેખાવમાં અલગ હોઈ શકે છે, પણ એ કંઈ ખોટું નથી કરી રહ્યો, અને લાકડા તો બધાના છે."



એ દિવસથી, દેડકો નિયમિત રૂપથી ઉંદરને મળવા જવા લાગ્યો. તેઓ બેન્ચ પર ખભાથી ખભા મિલાવીને બેસતા અને સુંદર દ્રશ્યનો આનંદ લેતા હતા. ઉંદર, દેડકા ને દુનિયા ભરના એના કારસ્તાનોની વાર્તા સંભળાવતો હતો, કેમકે એણે તમામ દેશોની યાત્રા કરી હતી અને એણે ઘણા રોમાંચક અનુભવો કર્યા હતા.



સુવરે દેડકાને ઠપકો આપ્યો.

"તારે એ ગંદા ઉંદરના ઘરના ચક્કર ન લગાવવા જોઈયે," એણે કહ્યું.

"કેમ નહીં?" દેડકાએ પૂછ્યું.

"કેમકે એ આપણાથી અલગ છે," બતકે કહ્યું.

"અલગ," દેડકાએ કહ્યું, "પણ આપણે બધા પણ એક-બીજા થી અલગ છીયે."

"નહીં," બતકે કહ્યું. "આપણે એક-બીજા સાથે છીયે. ઉંદર અહીં નો નથી."






પછી એક દિવસ, સુવરે ખાવાનું બનાવતા લાપરવાહી વર્તી. કઢાઈમાંથી આગની જ્વાળાઓ ઉપર ઉઠી. જલ્દી આગ ફેલાઇ ગઈ અને આગની જ્વાળાઓથી એનું ઘર સળગવા લાગ્યું.

સુવર ગભરાઈને બહાર ભાગ્યો. "બચાવો! બચાવો!" એણે બૂમ પાડી.

પણ ઉંદર ત્યાં પહેલેથી જ હાજર હતો. એ નદીમાંથી પાણીની બાલ્દી ભરી-ભરી ને લાવ્યો અને આગ બુઝાઇ ત્યાં સુધી જ્વાળાઓથી લડતો રહ્યો.




સુવરના ઘરની છત પૂરી રીતે નષ્ટ થઇ ગઇ. બધા પ્રાણીઓ આ સદમા થી દુઃખી હતા. હવે સુવર બેઘર હતો. પણ એને ચિંતિત થવાની જરૂર ન હતી. બીજે દિવસે, ઉંદર હથોડી અને ખીલ્લી લઇને આવ્યો. એણે ફટાફટ ઘરના છતની મરમ્મત કરી દીધી!



એક દિવસ સસલું થોડું પાણી લાવવા નદી પર ગયું. અચાનક એ લપસી પડયું અને ઊંડા પાણીમાં પડી ગયું. સસલાને તરતા નહોતું આવડતું. "બચાવો! બચાવો!" સસલાએ જોરથી બૂમ પાડી.

ઉંદરે સૌથી પહેલા સસલાની બૂમ સાંભળી અને અને એણે સીધા પાણીમાં ડૂબકી મારી. જલ્દી એણે સસલાને બચાવ્યું અને એને સુરક્ષિત, સૂકા કિનારા પર લઈ આવ્યો.



હવે બધા સહમત હતા કે ઉંદર ત્યાં રહી શકે. ઉંદર બહુ આનંદી અને ખુશખુશાલ હતો અને જો કોઈને મદદ ની જરૂર પડતી તો એ હંમેશા હાજર હતો.

ઉંદર ઘણી વાર મજેદાર વસ્તુઓ વિષે વિચારતો હતો - એ નદીના કિનારે પિકનિક આયોજિત કરતો અને બાકી પ્રાણીઓને જંગલમાં ફરવા લઈ જતો હતો.



સાંજે ઉંદર તેઓને ચીનના ડ્રેગનની રોમાંચક વાર્તા સંભળાવતો હતો. એણે એમને દુનિયા વિષે ઘણી અન્ય રોચક વાતો બતાવી. એ એક ખુશીનો સમય હતો અને એની પાસે કહેવા માટે હંમેશા નવા-નવા કિસ્સા હતા.

પણ એક દિવસ જયારે દેડકો એના મિત્ર ઉંદર ને મળવા ગયો તો એને એની આંખો પર વિશ્વાસ ન થયો. ઉંદરનો તંબુ જમીન ઉપર લપેટાઈને પડયો હતો અને ઉંદર એના ખભાથેલા સાથે ત્યાં ઉભો હતો.




"શું તું જઈ રહ્યો છે?" આશ્ચર્યથી દેડકાએ પૂછ્યું.

"હા, હવે આગળની યાત્રાનો સમય આવી ગયો છે," ઉંદરે કહ્યું. "હું અમેરિકા જઈ રહ્યો છું કેમકે એ દેશ મેં પહેલા ક્યારેય નથી જોયો."

એ સાંભળી બિચારો દેડકો સ્તબ્ધ થઇ ગયો.


એ પછી એ ગાંડો, પણ સાચા દિલવાળો, મદદગાર અને ચતુર ઉંદર ત્યાં થી ચાલ્યો ગયો. એના મિત્રો ત્યાં સુધી હાથ હલાવતા રહ્યા જ્યાં સુધી એ પહાડની પાછળ ઓઝલ ન થઈ ગયો. "અમે એને હંમેશા યાદ કરશું," સસલાએ નિસાસો નાખતા કહ્યું.



આંખોમાં આંસુ સાથે, દેડકા, બતક, સસલા અને સુવરે એમના મિત્ર ઉંદરને વિદાય આપી. "કદાચ હું એક દિવસ પાછો આવીશ," ઉંદરે ખુશી થી કહ્યું. "પછી હું નદી ઉપર એક પુલ નું નિર્માણ કરીશ."

હા, ઉંદર એની પાછળ એક ખાલીપો છોડી ગયો હતો. પણ એણે બનાવેલી બેન્ચ હજી ત્યાં જ હતી અને એના ચારે મિત્રો ઘણી વાર એની ઉપર એક સાથે બેસી એમના પ્યારા મિત્ર ઉંદરને યાદ કરતા હતા.

સમાપ્ત





જયારે એક અજનબી જંગલમાં આવે છે, તો દેડકાના મિત્રો એની ઉપર શક કરે છે. એમને લાગે છે કે ઉંદર ગંદો અને ચોર હશે. પણ દેડકાને આ વાત પર પૂરી ખાતરી ન હતી. એ પોતે તપાસ કરવાનો ફેંસલો કરે છે અને ઉંદર સાથે દોસ્તી કરે છે. પણ પછી ઉંદર ઘણા સંકટમાંથી બીજાને બચાવે છે. અંતમાં બધાને અહેસાસ થાય છે કે અલગ દેખાવાવાળું જાનવર પણ બહુ સારું અને નેક હોઈ શકે છે!

મેક્સ એક પુરસ્કાર વિજેતા કલાકાર છે, જેના પુસ્તકો કોમળ હાસ્ય સાથે મહત્વપૂર્ણ વિષયોને રજૂ કરે છે.